# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-01-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Sunday** ` **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM VIVEKANAND

સ્વામી વિવેકાનંદની 162મી જન્મજયંતી પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા પોડિયમ ખાતે સ્વામી વિવેકાનંદજીના તૈલચિત્ર સમક્ષ પુષ્પ અર્પણ કરી શ્રદ્ધા સુમન પાઠવ્યા હતાં.

ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી પણ મુખ્યમંત્રી સાથે સ્વામી વિવેકાનંદજીને ભાવાંજલિ આપવામાં જોડાયા હતા.

. . . . . . . . . . . . .

# CM SAHKARI BANK

ગાંધીનગર નાગરિક કો-ઓપરેટિવ બેંકનો સુવર્ણ જયંતિ સમારંભ ગઇકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ ડિરેક્ટર્સ અને પરિવારના સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ બેંક દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિઓ માટે કાર્યરત સંસ્થાઓને જરૂરી સહાય વિતરણ કરાવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં માયાભાઈ આહિર અને શાહબુદ્દીન રાઠોડે મંત્રમુગ્ધ કરતી પ્રસ્તુતિ કરીને લોકોને મનોરંજન પૂરૂ પાડ્યું હતું.

. . . . . . . . . . . . .

# GNR COLLECTOR VISIT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના હસ્તે પંદરમી જાન્યુઆરીના રોજ અનેક લોકાર્પણ અને ખાતમુહૂર્ત થનાર છે. ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાને વિકાસ કાર્યોની ભેટ મળવા જઈ રહી છે, અંબોડ ખાતે મહાકાળી માતાજીના પૌરાણિક મંદિરની 600 મીટર ઉપરવાસમાં બેરેજનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જેનું ખાતમુહૂર્ત કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે કરવામાં આવનાર છે.

આ કાર્યક્રમની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે ગાંધીનગર કલેકટર મેહુલ દવે દ્વારા રૂબરૂ સ્થળ મુલાકાત કરી પૂર્વ તૈયારીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . .

# HIMMATNAGR UDAYPUR RAIWAY TRACK

વિદ્યુતિકરણની કામગીરી પૂર્ણ થયાં બાદ હિંમતનગર ઉદયપુર રેલવે ટ્રેક પર ઇલેક્ટ્રિક ટ્રેનો દોડાવાશે. લગભગ 300 કરોડના ખર્ચે અસારવા ઉદયપુર બ્રોડગેજ ઈલેક્ટ્રિફિકેશન પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ, રેલવે દ્વારા પ્રારંભિક તબક્કામાં આજથી અસારવા-ઇન્દોર અને 15 જાન્યુઆરીથી અસારવા-ઉદયપુર અને કોટા એમ બે ઇલેક્ટ્રિક ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવાયો છે.આનાથી ટ્રેનની ઝડપ વધવા સાથે સમય અને ડીઝલના વપરાશમાં પણ ઘટાડો થશે.

. . . . . . . . . . . . .

# BET DWARKA DIMOLITION

દેવભૂમિ દ્વારકા જિલ્લાતંત્ર દ્વારા ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરાઇ છે. ગઇકાલ બાદ આજે પણ આ કામગીરી યથાવત રાખવામાં આવી છે. ગઈકાલે રહેણાંક અને કોમર્શિયલ સહિતના કુલ 76 જેટલા બાંધકામો દૂર કરાયા છે.

પોલીસ બંદોબસ્ત સાથે અંદાજે 25 હજાર ચોરસમીટર જેટલી કરોડો રૂપિયાની કિંમતની જગ્યા પર તંત્ર દ્વારા ગેરકાયદે દબાણો દૂર કરીને સરકારી જમીન ખુલ્લી કરાઇ હતી.

. . . . . . . . . . . . .

# GIR AYUSH MELO

ગીર સોમનાથ જિલ્લનાં ગીરગઢડા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખના અધ્યક્ષસ્થાને આયુષ મેળો યોજાયો હતો. આયુષ મેળા અંતર્ગત લોકોએ સાંધાના દુખાવા, કમરના દુખાવા અને સાયટીકામાં અગ્નિકર્મ ચિકિત્સાનો લાભ લીધો હતો તેમજ યોગ નિષ્ણાતો દ્વારા લાભાર્થીઓને યોગ પ્રાણાયામની સમજ આપવામાં આવી હતી.

આ આયુષ મેળામાં આયુર્વેદ નિદાન ચિકિત્સાનો 238, હોમીઓપેથી નિદાન ચિકિત્સાનો 175, અને હર્બલ વાનગી પ્રદર્શનનો ત્રણ હજાર કરતાં વધુ લાભાર્થીઓએ લાભ લીધો.

આ અંગે જિલ્લા આયુર્વેદ અધિકારી વૈધ વિજયસિંહ ગોહિલે આ મુજબ જણાવ્યું હતું.

**(બાઈટ --જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી વૈદ્ય વિજયસિંહ ગોહિલ)**

. . . . . . . . . . . . .

# MAHISAGAR 108

ઉતરાયણના પર્વ દરમ્યાન મહીસાગરમાં સામાન્ય દિવસ કરતા ઈમરજન્સી કેસમાં 25 ટકાનો જેટલો વધારો થવાની શક્યતા છે. ઉતરાયણ પર્વ દરમિયાન કોઈપણ ઈમરજન્સી આવે તો તેવા સમયે દર્દીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુસર 14 જેટલી 108 એમ્બ્યુલન્સ અને 70 જેટલા કર્મચારી એલર્ટ રહેશે. આ સેવાને કારણે કોઇનો જીવ બચાવી શકાશે. આ ઉપરાંત ઘાયલ પશુ પક્ષીઓ માટે પણ કરૂણા અભિયાન અંતર્ગત વ્યવસ્થા કરાઇ છે.

. . . . . . . . . . . . .

# HELPLINE

ઉત્તરાયણ પર્વને લઈને આકાશમાં વિહાર કરતા પક્ષીઓ દોરીનો ભોગ બનતા હોય છે. ત્યારે ઘાયલ પક્ષોઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે કરુણા અભિયાન 2025 અંતર્ગત મહેસાણા જિલ્લા કલેકટર દ્વારા જિલ્લાના તમામ રિસ્પોન્સ સેન્ટર કેન્દ્ર અને ઓપરેશન થીયેટરની વ્યવસ્થા કરાઈ છે. દરેક તાલુકા માં નિઃશુલ્ક સારવાર થશે. વનવિભાગ અને પશુપાલન ના સંયુક્ત ઉપક્રમે કરુણા અભિયાન અંતર્ગત પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે હેલ્પલાઇન નંબર પણ શરૂ કરવામાં આવ્યો છે. જેનો નંબર 83200 02000 છે.

કરુણા એનિમલ હેલ્પલાઈન નંબર 1962 વન વિભાગ હેલ્પલાઇન નંબર 1926 અને વન વિભાગ મહેસાણા જિલ્લા કન્ટ્રોલરૂમ 02762 221103 કાર્યરત કરાયો છે.

. . . . . . . . . . . . .

# Arijit Singh Concert - Metro

ગાંધીનગરમાં ગીફ્ટ સીટી ખાતે આજે ગાયક અરિજિત સિંઘનાં કાર્યક્રમને ધ્યાને રાખી ગુજરાત મેટ્રો કોર્પોરેશન - GMRC એ, આજ પૂરતો મેટ્રો ટ્રેનનાં સમય લંબાવવાનો નિર્ણય લીધો છે.

ગીફ્ટ સિટી મેટ્રો સ્ટેશનથી અમદાવાદ માટે વધારાની ટ્રેનો રાત્રે સાડા આઠ વાગે, સાડા નવ વાગે, સાડા દસ તેમજ સાડા અગિયાર વાગ્યા સુધી મળશે.

આ ટ્રેનની મહત્તમ ક્ષમતા આઠસો થી આઠસો પચાસ મુસાફરોની હોઈ, એક ટ્રેન ભરાઈ ગયા બાદ અન્ય ટ્રેન નિર્ધારીત સમય મુજબ જ ચાલશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................